**Scheme for Financial Assistance to Integrated Logistics Facilities (under Gujarat Integrated Logistics and Logistics Park Policy 2021) હેઠળ Interest Subsidy ક્લેઇમ માટેની માર્ગદર્શક સુચનાઓ**

(1) સદર યોજના હેઠળ વાર્ષિક સમયગાળાના ધોરણે (Annual basis) ઇન્ટરેસ્ટ સબસીડી ક્લેઇમ કરવાનો રહેશે.

ઉ.દા., પ્રથમ ક્લેઇમનો સમયગાળો તા.10/11/2022 થી શરૂ થતો હોય તો સદર ક્લેઇમનો સમયગાળો તા.10/11/2022 થી તા.09/11/2023 સુધી (એક વર્ષ)નો રહેશે. ત્યારબાદના તમામ ક્લેઇમ તે પ્રમાણે આગળ વધશે.

(2) જો એક કરતાં વધુ ટર્મ લોન હોય, તો તમામ ટર્મ લોનની પ્રથમ ડીસ્બર્સમેન્ટની તારીખ પૈકી જે તારીખ પહેલી હોય તે તારીખથી પ્રથમ ક્લેઇમનો સમયગાળો ગણવાનો રહેશે અને તમામ ટર્મલોન માટે તે જ સમયગાળા માટે પ્રથમ ક્લેઇમ કરવાનો રહેશે.

ઉ.દા., જો કુલ બે ટર્મ લોન સેંક્શન થયેલ હોય અને ટર્મ લોન-1 માટે પ્રથમ ડીસ્બર્સમેન્ટની તારીખ 01/01/2021 હોય અને ટર્મ લોન-2 માટે પ્રથમ ડીસ્બર્સમેન્ટની તારીખ 05/06/2021 હોય તો પ્રથમ ક્લેઇમનો સમયગાળો તા.01/01/2021 થી તા.31/12/2021 સુધી (એક વર્ષ)નો ગણવાનો રહેશે. એટલે કે ટર્મ લોન-1 માટે પ્રથમ ક્લેઇમનો સમયગાળો તા.01/01/2021 થી તા.31/12/2021 સુધીનો રહેશે અને ટર્મ લોન-2 માટે પ્રથમ ક્લેઇમનો સમયગાળો તા.05/06/2021 થી તા.31/12/2021 સુધીનો રહેશે. ત્યારબાદના તમામ ક્લેઇમ તે પ્રમાણે આગળ વધશે.

(3) જો એક કરતાં વધુ ટર્મ લોન હોય, તો દરેક ટર્મ લોન એકાઉન્ટ માટે Annexure-A અને Annexure-B મુજબના બેંક સર્ટીફીકેટ અલગ-અલગ રજૂ કરવાના રહેશે.

(4) એક જ અરજીફોર્મ હેઠળ એક વર્ષના એવા એકથી વધુ ક્લેઇમ રજૂ કરી શકાશે, પરંતુ દરેક ક્લેઇમ સમયગાળા માટે Annexure-A અને Annexure-B મુજબના બેંક સર્ટીફીકેટ અલગ-અલગ રજૂ કરવાના રહેશે.

(5) ચેકલિસ્ટમાં દર્શાવ્યા મુજબના તમામ ડોક્યુમેન્ટ્સ ડેવલપર દ્વારા પ્રમાણિત કરી અસલમાં રજૂ કરવાના રહેશે તેમજ તમામ સર્ટીફીકેટ નિયત નમુનામાં/ફોર્મેટમાં અસલમાં રજૂ કરવાના રહેશે.

(6) ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ, ચેકલિસ્ટ મુજબનાં તમામ ડોક્યુમેન્ટ્સ સાથે નિયત નમુનામાં ઇન્ટરેસ્ટ સબસીડી ક્લેઇમ માટેની અરજી ડેવલપર દ્વારા વડી કચેરી ખાતે સબમીટ કરવાની રહેશે.

Instructions